GJKT010048172025

આંક : **૧૫/એ**

દાખલ તારીખ : ૧૪/૧૦/૨૦૨૫
રજીસ્ટર તારીખ : ૧૪/૧૦/૨૦૨૫
નિકાલ તારીખ : ૦૯/૦૪/૨૦૨૬
સમય : વર્ષ માસ દિવસ
૦૦ – ૦૫ – ૨૬

–::––::––::––::––::––::––::––::––::––::––::––::––::
**નામદાર શ્રી સેશન્સ જજ સાહેબની અદાલતમાં, કચ્છ–ભુજ**
–::––::––::––::––::––::––::––::––::––::––::––::––::

**ફોજદારી અપીલ નંબર:૧૬૧/૨૦૨૫**

(૧) **નવીન ગોવિંદ વઢીયારા,**
ઉ.વ.૩૧, ધંધો:મજુરી,

(૨) **કાન્તાબેન ગોવિંદ વઢીયારા,**
ઉ.વ.૬૫, ધંધો:ઘરકામ,

(૩) **ગોવિંદ શીવા વઢીયારા,**
ઉ.વ.પુખ્ત, ધંધો:નિવૃત,

તમામ રહે:રાધનપુર,
જી:પાટણ :::::::::::::::: **અપીલકર્તા/મુળ સામાવાળા**

**વિરૂદ્ધ**

**જમનાબેન રાજુભાઇ દેવીપુજક,**
ઉ.વ.૨૮, ધંધો:વેપાર,
રહે:રામનગરી, ભુજ–કચ્છ ::::::::::::::::::: **સામાવાળા/મુળ અરજદાર**

**બાબત :** ભુજ–કચ્છના ચોથા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ નાઓ દ્વારા ફોજદારી પરચુરણ અરજી નં.૯૦૯/૨૦૨૩ ના કામે આ કામના સામાવાળા/મુળ અરજદારની અરજી અંશત:મંજુર કરી તા:૨૫/૦૯/૨૦૨૫ ના રોજ ફરમાવેલ

હુકમ સામે ઘરેલુ હિંસાથી સ્ત્રીઓને રક્ષણ આપતા અધિનિયમ, ૨૦૦૫ ની કલમ–૨૯ અન્વયેની અપીલ..

– – – – – – – – – – – – – – – – – – – – – – –

**અપીલકર્તા/મુળ સામાવાળા તરફે :– વિદ્વાન વકીલ શ્રી એસ.એસ.ચાકી**
**સામાવાળા/મુળ અરજદાર તરફે :– વિદ્વાન વકીલ શ્રી એ.આર.મલેક**

– – – – – – – – – – – – – – – – – – – – – – – – – – – –

## *<u>–:: ચુ કા દો ::–</u>*

(૧) આ અપીલના અપીલકર્તા એટલે કે, હુકમ કરનાર વિદ્વાન અદાલત સમક્ષની મુળ ફોજદારી પરચુરણ અરજી નં.૯૦૯/૨૦૨૩ ના કામના મુળ સામાવાળા દ્વારા હાલની ફોજદારી અપીલ ઘરેલુ હિંસાથી સ્ત્રીઓને રક્ષણ આપતા અધિનિયમ, ૨૦૦૫ ની કલમ–૨૯ અન્વયે, ચોથા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ભુજ–કચ્છ નાઓ દ્વારા ફોજદારી પરચુરણ અરજી નં.૯૦૯/૨૦૨૩ ના કામના સામાવાળા/મુળ અરજદારની અરજી અંશત:મંજુર કરતો તા:૨૫/૦૯/૨૦૨૫ ના રોજ જે હુકમ ફરમાવવામાં આવેલો છે તેનાથી નારાજ થઈ દાખલ કરવામાં આવેલી છે.

(૨) સરળતા ખાતર, હાલના કામના અપીલકર્તા કે જેઓ હુકમ કરનાર વિદ્વાન અદાલત સમક્ષની મુળ ફોજદારી પરચુરણ અરજી નં.૯૦૯/૨૦૨૩ ના કામના સામાવાળાઓ હતા અને હાલના કામના સામાવાળા કે જેઓ હુકમ કરનાર વિદ્વાન અદાલત સમક્ષની મુળ ફોજદારી પરચુરણ અરજી નં.૯૦૯/૨૦૨૩ ના કામના અરજદાર હતા, તે જે રીતે એટલે કે, હાલના કામના અપીલકર્તાને સામાવાળાઓ તરીકે તથા હાલના કામના સામાવાળાને અરજદાર તરીકે સંબોધવામાં આવશે.

**હુકમ કરનાર વિદ્વાન અદાલત તે ચોથા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ભુજ–કચ્છ સમક્ષની મુળ ફોજદારી પરચુરણ અરજી નં.૯૦૯/૨૦૨૩ ની ટુંક <u>હકીકત :</u>**

(૩) મુળ અરજદાર દ્વારા ભુજ–કચ્છની ચીફ જયુડીશીયલ

મેજીસ્ટ્રેટની અદાલતમાં તા:૨૨/૧૧/૨૦૨૩ ના રોજ ઘરેલુ હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમ, ૨૦૦૫ ની કલમ–૧૨ મુજબની અરજી દાખલ કરી એવી રજુઆત કરવામાં આવેલી કે, અરજદારના લગ્ન સામાવાળા નં.૧ સાથે વર્ષ ૨૦૧૬ માં હિન્દુ શાસ્ત્રોકત વિધિથી સમાજના રીત રીવાજ મુજબ વડીલોની હાજરીમાં થયેલા. લગ્નજીવનથી અરજદારને કોઈ સંતાન નથી. લગ્ન બાદ અરજદાર સામાવાળાઓ સાથે રાધનપુર મુકામે સંયુકત કુટુંબમાં રહેતા હતા. લગ્ન વખતે અરજદારને તેમના માતા–પિતાએ દહેજમાં સોનાની બુટી કિંમત રૂ.૨૦,૦૦૦/– તથા પગના સાંકળા કિંમત રૂ.૮,૦૦૦/– આપેલા.

**(૩.૧)** અરજદાર દ્વારા તેમની અરજીમાં એવી પણ રજુઆત કરેલ છે કે, લગ્ન બાદ શરુઆતમાં ઘરસંસાર સારી રીતે ચાલેલ પરંતુ થોડા સમય બાદ સામાવાળાઓ અરજદારને દહેજ ઓછું લાવવા બાબતે તથા નાની નાની વાતોમાં વિના કારણ મહેણાં ટોણાં મારતા અને માનસીક, શારીરિક ત્રાસ આપતા. અરજદારને સામાવાળા નં.૧ એ માર મારી તારા માતા–પિતાએ દહેજમાં કાંઈ આપેલ નથી તેથી દાગીના વેંચી નાખેલ છે અને તારા ઘરેથી રૂ.૧,૫૦,૦૦૦/– લઈ આવવા જણાવેલ. સામાવાળા નં.૧ રોજ રાતના ઘરે મોડા આવતા હોવાથી અરજદાર સામાવાળા નં.૧ ને કારણ પુછતા ત્યારે માર મારતા, બિભત્સ ગાળો આપતા, અપમાનિત કરતા, મહેણાં ટોણાં મારતા અને દહેજ બાબતે દરેક વખતે સંભળાવતા. અરજદાર તેમનો ઘર સંસાર ન બગડે તે હેતુથી મુંગે મોઢે સહન કરતા. અરજદાર ઘરનું તમામ કામ કરતા હોવા છતાં સામાવાળાઓ ઘર કામ બાબતે મહેણાં ટોણાં મારતા.

**(૩.૨)** અરજદાર દ્વારા તેમની અરજીમાં એવી પણ રજુઆત કરેલ છે કે, સામાવાળાઓ યેનકેન પ્રકારે અરજદારને ત્રાસ આપતા હતા. દશામાનું વ્રત આવતાં અરજદાર તેમના પતિ સાથે માવિત્રે આવેલ અને તેમનું જીવન નર્ક સમાન લાગતાં અને સાસરીમાં કોઈ ભવિષ્ય ન લાગતાં અરજદાર પોતાના માવિત્રે રોકાઈ ગયેલ અને જીવનનું જોખમ લાગતાં તેણી સાસરે ગયેલ નહીં અને ત્યારથી અરજદાર પોતાના માવિત્રે રહે છે. તા:૧૦/૦૬/૨૦૧૯ ના રોજ અરજદારના માવતર પક્ષના લોકો સમાધાન

કરવા રાધનુર ગયેલ ત્યારે સામાવાળા પક્ષે તેમની સાથે ઝઘડો કરી માર મારેલ. સામાવાળાએ અરજદારની કોઇ પુછા કરેલ નથી, ભરણપોષણ આપેલ નથી, છુટાછેડા આપેલ નથી, સમાધાન માટે કોઇ પ્રયત્ન કરેલ નથી કે સાર સંભાળ લીધેલ નથી.

(૩.૩) અરજદાર દ્વારા તેમની અરજીમાં એવી પણ રજુઆત કરેલ છે કે, અરજદાર કોઇપણ જાતનો કામ ધંધો કરતા નથી. અરજદારની સંપૂર્ણ જવાબદારી અરજદારના માતાના શીરે છે. અરજદાર ઓશીયાળું જીવન જીવે છે. સામાવાળા અરજદારના ભરણપોષણનો ખર્ચ આપતા નથી. અરજદારે ભરણપોષણ મેળવવા નામદાર શ્રી પ્રિન્સીપાલ જજ (ફેમીલી) કોર્ટ મધ્યે ફોજદારી પરચુરણ અરજી નં.૨૨૬/૨૦૧૯ દાખલ કરેલી તે અરજી નામંજુર કરવામાં આવેલ તેથી નારાજ થઇ નામદાર ગુજરાત હાઇકોર્ટમાં રીવીઝન અરજી કરેલ તે હાલ પેન્ડીંગ છે. સામાવાળા નં.૧ કોન્ટ્રાકટર (કલરકામ) કરી મહીને રૂ.૬૦,૦૦૦/- કમાય છે તેથી અરજદારને ભરણપોષણ આપી શકે તેમ છે.

(૩.૪) અરજદાર દ્વારા અરજી દાખલ કરી કલમ-૧૮ હેઠળ સામાવાળાઓથી સુરક્ષાનો હુકમ ફરમાવવા, કલમ-૧૯ હેઠળ અરજદારનું પોતાની માલીકીનું કોઇ મકાન આવેલ નથી અને હાલમાં અરજદારે તેમના માવિત્રે આશરો મેળવેલ છે તેથી મકાન ભાડા પેટે રૂ.૫,૦૦૦/- સામાવાળા અરજદારને ચુકવી આપે તેવો હુકમ ફરમાવવા, કલમ-૨૦ હેઠળ અરજદારને નાણાકીય રાહત પેટે રૂ.૧૦,૦૦૦/- વચગાળાની રાહત ચુકવી આપવા, કલમ-૨૧ હેઠળ અરજદારના લગ્ન સમયે આપેલ દર દાગીના, કપડા લત્તા, ઘરવખરી તે અરજદારનું સ્ત્રીધન પરત સોંપી આપે તેવો હુકમ ફરમાવવા, કલમ-૨૨ હેઠળ સામાવાળાઓ સંયુકત રીતે અરજદારને પહોંચાડેલ શારીરિક ઇજાઓ, માનસીક ત્રાસ પેટે રૂ.૫૦,૦૦૦/- ચુકવી આપે તેવો હુકમ ફરમાવવા તથા કલમ-૨૩ હેઠળ રૂ.૨૦,૦૦૦/- દર મહીને કાયમી ભરણપોષણ તથા આ અરજીનો નિકાલ ન થાય ત્યાં સુધી વચગાળાની રાહત પેટે સામાવાળા નં.૧ અરજદારને ભરણપોષણ પેટે રૂ.૧૦,૦૦૦/- દર મહીને ચુકવી આપે તેવો હુકમ ફરમાવવા અરજ કરેલ.

**સામાવાળાના જવાબની વિગત :**

(૪) અરજદારની અરજી રજુ થતાં સામાવાળાને નોટીસ કરવામાં આવેલી. નોટીસ બજી જતાં સામાવાળા દ્વારા હાજર થઇ પોતાના વકીલ શ્રી મારફતે આંક:૧૦ થી અરજદારની અરજીનો જવાબ રજુ કરવામાં આવેલ. જેમાં અરજદારની અરજીની હકીકતોનો ઇન્કાર કરેલ છે અને જણાવેલ છે કે, અરજદારે નામદાર શ્રી પ્રિન્સીપાલ જજ (ફેમીલી) કોર્ટમાં દાખલ કરેલ ફોજદારી પરચુરણ અરજી નં.૨૨૬/૨૦૧૯ નામંજુર કરેલ તે હુકમ રદ્દ થયેલ નથી. અરજદારે સામાવાળાનો કોઇપણ વ્યાજબી કારણ વગર ત્યાગ કરેલ હોવાથી અરજદાર અરજીમાં માંગ્યા મુજબની કોઇ દાદ મેળવવા હકકદાર થતા નથી. અરજદાર સામાવાળા સાથે રહેવા તૈયાર હોય તો સામાવાળા લગ્નજીવન નિભાવવામાં રસ ધરાવે છે અને અરજદારને ઘરે લઇ જવા તૈયાર છે. અરજદારે નામદાર અદાલતને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરેલ છે. સામાવાળા ભંગારની ફેરી કરી પોતાનું ગુજરાન ચલાવે છે. સામાવાળા પર તેમના માતા-પિતાના ભરણપોષણની જવાબદારી છે. અરજદાર કટલેરીનો માલ સામાન વેંચાણનો ધંધો કરી માસીક રૂ.૧૫,૦૦૦/- થી વધુ કમાય છે.

(૪.૧) સામાવાળા દ્વારા તેમના જવાબમાં એમ પણ જણાવેલ છે કે, સામાવાળાઓએ કયારેય અરજદારને માર મારેલ નથી કે માનસીક શારીરિક ત્રાસ આપેલ નથી કે અરજદાર પાસે કયારેય દહેજની માંગણી કરેલી નથી. અરજદાર સામાવાળા સાથે માત્ર ત્રણ દિવસ સાથે રહેલ છે. સામાવાળા તથા તેમના માતા-પિતા અરજદારને લઇ જવા વારંવાર ભુજ આવેલા છે, પરંતુ અરજદાર અને તેમના માવિત્રોએ અપમાનિત કરી ઘરમાંથી કાઢી મુકેલા છે. અરજદાર કોઇ પણ ઘરેલુ હિંસાનો ભોગ બનેલ નથી. આમ, ઉપરોકત તમામ સંજોગો ધ્યાનમાં લેતાં અરજદાર માંગ્યા મુજબની કોઇ દાદ મેળવવા હકકદાર થતા ન હોય અરજદારની અરજી ખર્ચ સહિત રદ્દ ફરમાવવા અરજ કરેલ.

**હુકમ કરનાર વિદ્વાન અદાલતની કાર્યવાહી :**

(૫) હુકમ કરનાર વિદ્વાન અદાલત તે ચોથા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ભુજ-કચ્છ સમક્ષ મુળ અરજદાર દ્વારા મૌખિક

પુરાવો રજુ કરવામાં આવેલો તે તમામ મૌખિક પુરાવો ધ્યાને લઇ બન્ને પક્ષકારોના વિદ્ધાન વકીલ શ્રી દ્ધારા કરવામાં આવેલી મૌખિક રજુઆતો સાંભળી હુકમ કરનાર વિદ્ધાન અદાલત દ્ધારા અરજદારની કૌટુંબિક હિંસાથી સ્ત્રીઓનું રક્ષણ મેળવવાના કાયદાની કલમ–૧૨ તળેની અરજી અંશત:મંજુર કરી, ઘરેલુ હિંસાખોરીથી સ્ત્રીઓને રક્ષણ આપતા કાયદાની કલમ–૧૮ અન્વયે આ કામના સામાવાળાઓએ અરજદારને ઘરેલુ હિંસાનું કૃત્ય થાય તેવા પ્રકારનું કોઇ વર્તન કરવું નહીં તથા અરજદાર તથા તેના પરિવાર સાથે કોઇ વ્યકિતગત મૌખિક, લેખિત કે ટેલીફોનીક સંપર્ક કરવો નહીં તથા અરજદારને શારીરિક કે માનસીક હાની પહોંચે તેવા પ્રકારનું કોઇ કૃત્ય કરવું નહીં તેવો તથા ઘરેલુ હિંસાખોરીથી સ્ત્રીઓને રક્ષણ આપતા કાયદાની કલમ–૧૯ અન્વયે અરજદાર સામાવાળાના ગામ રાધનપુર મધ્યે રહેવા માંગા હોય તો સામાવાળા અરજદારની રહેવા માટેની વૈકલ્પિક વ્યવસ્થા કરી આપે તેવો તથા ઘરેલુ હિંસાખોરીથી સ્ત્રીઓને રક્ષણ આપતા કાયદાની કલમ–૨૦ અન્વયે અરજદારને સામાવાળાએ પહોંચાડેલ શારીરિક માનસીક ત્રાસના રુ.૧૫,૦૦૦/– (અંકે રુપીયા પંદર હજાર પુરા) એક વખત ચુકવવાનો તથા ઘરેલુ હિંસાખોરીથી સ્ત્રીઓને રક્ષણ આપતા કાયદાની કલમ–૨૦ અન્વયે ભરણપોષણ પેટે માસીક રુ.૩,૦૦૦/– (અંકે રુપીયા ત્રણ હજાર પુરા) મુળ અરજીની તારીખથી ચડયે ચડયા દર માસે નિયમીત ચુકવી આપવાનો તેમજ અરજદારને અરજી ખર્ચના રુ.૧,૦૦૦/– (અંકે રુપીયા એક હજાર પુરા) એક વખત અલગથી ચુકવવાનો તા:૨૫/૦૯/૨૦૨૫ ના રોજ જે હુકમ કરવામાં આવેલો છે તેનાથી નારાજ થઇ તે હુકમ રદ્દ ફરમાવવા અપીલકર્તા/મુળ સામાવાળાઓ દ્ધારા હાલની અપીલ કરેલ છે.

(૬) અપીલ કામની નોટીસ આ કામના સામાવાળાને બજી જતાં સામાવાળા/મુળ અરજદાર તરફે વિદ્ધાન વકીલ શ્રી એ.આર.મલેક નાઓ હાજર થયેલા છે.

**અપીલકર્તા/મુળ સામાવાળાઓના વિદ્ધાન વકીલ શ્રીની દલીલો :**

(૭) અપીલકર્તા/મુળ સામાવાળાઓના વિદ્ધાન વકીલ શ્રી

એસ.એસ.ચાકી નાઓ દ્વારા મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલી છે કે, આ કામના સામાવાળા તે મુળ અરજદારે ઘરેલુ હિંસાખોરીથી સ્ત્રીઓને રક્ષણ આપતો કાયદો ૨૦૦૫ ની કલમ–૧૨ પ્રમાણે વર્ષ:૨૦૨૩ માં અરજી દાખલ કરેલી હતી, જયારે અપીલકર્તા મુળ સામાવાળાઓ વિરુદ્ધ ૨૦૧૯ ના વર્ષમાં ફેમીલી કોર્ટમાં આ અરજીમાં જે આક્ષેપો કરવામાં આવેલા છે તેવા એક સરખા આક્ષેપો કરી ભરણપોષણ મેળવવાની અરજી દાખલ કરેલી હતી. સદરહુ અરજીનો દસ્તાવેજી પુરાવો આ કામે રજુ કરેલ છે.

**(૭.૧)** અપીલકર્તા/મુળ સામાવાળાઓના વિદ્વાન વકીલ શ્રી એસ.એસ.ચાકી નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, અરજીના કામે આંક:૨૦ થી સોગંદનામું કરવામાં આવેલું છે તેની ઉલટતપાસ પણ કરવામાં આવેલી છે તે પણ રજુ રાખેલ છે. વધુમાં એવી પણ દલીલ કરેલી છે કે, વર્ષ ૨૦૧૬ માં લગ્ન થયેલા છે અને આ લગ્નજીવન ફકત ત્રણ દિવસ ચાલેલું છે. કૌટુંબિક અદાલત દ્વારા ઠરાવ પસાર કરવામાં આવેલ છે તે રજુ રાખેલ છે તેમાં આ બાબતે સ્પષ્ટ અવલોકન કરી ચુકાદો આપેલ છે. જેમાં આ કામના સામાવાળા/મુળ અરજદારે ખોટા આક્ષેપો કરેલા છે. અરજીના કથન મુજબનો કોઇ બનાવ બનેલો નથી. અરજદાર રાજીખુશીથી પોતાના પિયરમાં આવેલા છે. અરજદારે કોઈપણ જાતના વ્યાજબી કારણ વિના ગૃહ ત્યાગ કરેલ છે અને આથી ભરણપોષણ મેળવવા હકકદાર નથી તેમ ઠરાવી તા:૩૦/૦૬/૨૦૨૨ ના રોજ હુકમ કરવામાં આવેલો છે. આ હુકમ થયા બાદ આઠ માસ પછી હાલની અરજી દાખલ કરેલી છે. આ કામના અરજદાર દ્વારા સામાવાળાની અરજીનો જવાબ રજુ કરવામાં આવેલો છે અને સંપૂર્ણ બચાવ લીધેલ છે.

**(૭.૨)** અપીલકર્તા/મુળ સામાવાળાઓના વિદ્વાન વકીલ શ્રી એસ.એસ.ચાકી નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, આ કામના સામાવાળા/મુળ અરજદારની આંક:૧૨ થી સોગંદ ઉપરની જુબાની રજુ થયેલ છે તેની ઉલટતપાસ આ કામના અરજદાર/મુળ સામાવાળા પક્ષે કરવામાં આવેલી છે તેમાં મુળ અરજદાર અને આ કામના સામાવાળાએ કરેલ ભરણપોષણની અરજી નામંજુર કરેલ છે, ત્યારબાદ આ કેસ કરેલ છે, મુળ

અરજદાર અને આ કામના સામાવાળાને મુળ સામાવાળા એટલે કે, આ કામના અપીલકર્તા સાથે લગ્નજીવન નિભાવવું નથી તેનો પણ સ્વીકાર કરેલો છે. આમ, આ કામે કોઈપણ પ્રકારનો બનાવ બનેલ ન હોવા છતાં કોઈપણ જાતના વ્યાજબી કારણ વિના આ કામના સામાવાળા/મુળ અરજદારે સ્વેચ્છાએ ગૃહ ત્યાગ કરેલ છે.

**(૭.૩)** અપીલકર્તા/મુળ સામાવાળાઓના વિદ્વાન વકીલ શ્રી એસ.એસ.ચાકી નાઓ દ્વારા વધુમાં અદાલત દ્વારા આપવામાં આવેલ ચુકાદા ઉપર ધ્યાન દોરી એવી ભારપૂર્વક રજુઆત કરેલી છે કે, અદાલતે પોતાના ચુકાદામાં સામાવાળાના પુરાવા કે બચાવની ચર્ચા કરેલી નથી. દસ્તાવેજોને આંક પડેલ હોવા છતાં તેને ધ્યાનમાં લીધેલા નથી. કૌટુંબિક અદાલતનો ચુકાદો હોવા છતાં તેના તારણો બાબતે કે તેના અવલોકન બાબતે કોઈ ચર્ચા કરેલી નથી.

**(૭.૪)** અપીલકર્તા/મુળ સામાવાળાઓના વિદ્વાન વકીલ શ્રી એસ.એસ.ચાકી નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરેલી છે કે, અરજદાર અલગ રહે છે એવી કોઈ હકીકત સામાવાળાએ પુરવાર કરવાની નથી. આ કામના સામાવાળા/મુળ અરજદારે તેણીએ પોતે કરેલ ભરણપોષણની અરજીની વિગત છુપાવેલ છે અને કાયદાનો દુરુપયોગ કરેલ છે. વધુમાં એવી દલીલ કરેલી છે કે, આ કામના સામાવાળા/મુળ અરજદારે જાણી જોઈ સ્વેચ્છાએ મહત્વની હકીકતો છુપાવેલી છે. કૌટુંબિક અદાલત દ્વારા અરજી કરનાર આ કામના સામાવાળા/મુળ અરજદાર ભરણપોષણ મેળવવા હકકદાર નથી તેમ ઠરાવેલું છે તેવી કોઈ હકીકતો જણાવવામાં આવેલી નથી, તેવા સંજોગોમાં ફકત આ કામના સામાવાળા/મુળ અરજદારે મહત્વની હકીકતો છુપાવેલી છે અને સ્વચ્છ હાથે અદાલત સમક્ષ આવેલા નથી એટલા જ કારણસર હાલની અપીલ મંજુર થવા પાત્ર છે.

**(૭.૫)** અપીલકર્તા/મુળ સામાવાળાઓના વિદ્વાન વકીલ શ્રી એસ.એસ.ચાકી નાઓ દ્વારા વધુમાં એવી દલીલ કરવામાં આવેલી છે કે, હુકમ કરનાર વિદ્વાન અદાલત દ્વારા કૌટુંબિક અદાલતે આપેલ તારણોને

ધ્યાને લીધેલા નથી. આ કામના અરજદાર/મુળ સામાવાળા આજની તારીખે પણ આ કામના સામાવાળા/મુળ અરજદારને પોતાની પત્ની તરીકે સાથે રાખવા અને લઈ જવા તૈયાર છે તેમ છતાં આ કામના સામાવાળા/મુળ અરજદારે સ્વેચ્છાએ પોતાની ઈચ્છાથી ત્યાગ કરેલ છે, તેવા સંજોગોમાં હુકમ કરનાર વિદ્ધાન અદાલતનો હુકમ રદ્દ કરવો જરુરી છે.

**(૭.૬)** અપીલકર્તા/મુળ સામાવાળાઓના વિદ્ધાન વકીલ શ્રી એસ.એસ.ચાકી નાઓ દ્ધારા વધુમાં એવી દલીલ કરેલી છે કે, હુકમ કરનાર વિદ્ધાન અદાલતે રેકર્ડ ઉપરના પુરાવાને ધ્યાનમાં લીધેલ નથી. મહત્વની હકીકતો મુળ અરજદાર/આ કામના સામાવાળાએ છુાવેલી છે. સ્વચ્છ હાથે અદાલત સમક્ષ આવેલ નથી. ફકત ત્રણ દિવસનું લગ્નજીવન છે. કોઈપણ પ્રકારનો બનાવ બનવા પામેલ નથી. આ કામના સામાવાળા/મુળ અરજદાર આ કામના અપીલકર્તા/મુળ સામાવાળા સાથે રહેવા તૈયાર નથી. કૌટુંબિક અદાલતના તારણ બાબતે કોઈ ચર્ચા કરેલી નથી. એટલું જ નહીં, રેકર્ડ ઉપર જે દસ્તાવેજો પુરાવામાં ગ્રાહ્ય છે તે દસ્તાવેજોનું મુલ્યાંકન કરેલું નથી અને આથી જે હુકમ કરેલો છે તે ન ફકત હકીકતની દ્રષ્ટિએ, પરંતુ કાયદાની પરિભાષામાં પણ ગેરકાયદેસરનો અને ખોટો હોય અપીલ મંજુર કરી હુકમ કરનાર વિદ્ધાન અદાલતનો હુકમ રદ્દ કરવા વિનંતી કરેલી છે.

**(૭.૭)** અપીલકર્તા/મુળ સામાવાળાઓના વિદ્ધાન વકીલ શ્રી એસ.એસ.ચાકી નાઓ દ્ધારા પોતાની દલીલના સમર્થનમાં ***નામદાર ગુજરાત હાઈકોર્ટનો અંકિતસિંઘ અમરેન્દ્રસિંઘ રાજાવત વિરુદ્ધ ગુજરાત રાજયનો ચુકાદો કે જે ૨૦૨૪ (૦) એ.આઈ.જે.ઈ.એલ.–એચ.સી. ૨૪૮૫૯૬*** ઉપર પ્રસિદ્ધ થયેલ તે રજુ કરેલો છે. સદર ચુકાદો પણ આ જ ધારા હેઠળનો અને આ જ પ્રકારની હકીકતોવાળો ચુકાદો છે. જે સીધેસીધો આ પ્રકરણને લાગુ પડે છે અને આથી અપીલ મંજુર કરી આ કામના સામાવાળા/મુળ અરજદારની અરજી રદ્દ કરવા વિનંતી કરેલી છે.

<u>**સામાવાળા/મુળ અરજદારના વિદ્ધાન વકીલ શ્રીની દલીલો :**</u>

(૮) આ કામના સામાવાળા/મુળ અરજદારના વિદ્ધાન વકીલ શ્રી

એ.આર.મલેક નાઓ દ્વારા આંક:૧૪ થી લેખિત દલીલો રજુ કરવામાં આવેલી છે તેમાં મુખ્યત્વે એવી રજુઆત કરવામાં આવેલી છે કે, હુકમ કરનાર વિદ્વાન અદાલતનો હુકમ કાયદા, પુરાવા અને કુદરતી ન્યાયના સિદ્ધાંત મુજબનો યોગ્ય છે. તમામ આધાર પુરાવા તથા કાયદાકીય જોગવાઈઓનું યોગ્ય રીતે મુલ્યાંકન કરવામાં આવેલું છે. અપીલકર્તાએ સરકાર સામે અપીલ કરેલી છે, પરંતુ સરકાર શ્રીને પક્ષકાર બનાવેલ નથી. હુકમ કરનાર વિદ્વાન અદાલતના હુકમમાં કાયદાની શું ભુલ છે ? અને કઈ રીતે હુકમ કાયદા વિરુદ્ધનો છે તે અપીલકર્તા પક્ષ દર્શાવી શકેલ નથી.

(૮.૧) આ કામના સામાવાળા/મુળ અરજદારના વિદ્વાન વકીલ શ્રી એ.આર.મલેક નાઓ દ્વારા વધુમાં એવી રજુઆત કરવામાં આવેલી છે કે, અપીલકર્તા દ્વારા હુકમ કરનાર વિદ્વાન અદાલત સમક્ષ માત્ર કૌટુંબિક અદાલતમાં અરજદારે જે અરજી કરેલી હતી તે નામંજુર કરવામાં આવેલ હતી તેથી અરજદારની અરજી નામંજુર થાય તેવો એકમાત્ર બચાવ લીધેલો છે, પરંતુ તે બચાવ ટકી શકે તેમ નથી. ખરી હકીકત એવી છે કે, કૌટુંબિક અદાલતના હુકમને અરજદારે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ચેલેન્જ કરેલ છે તે રીવીઝન હાલમાં પેન્ડીંગ છે તે હકીકત અપીલકર્તાએ છુપાવેલી છે.

(૮.૨) આ કામના સામાવાળા/મુળ અરજદારના વિદ્વાન વકીલ શ્રી એ.આર.મલેક નાઓ દ્વારા વધુમાં એવી રજુઆત કરવામાં આવેલી છે કે, અપીલકર્તાએ સામાવાળાને કોઈ ત્રાસ આપેલ નથી તેવો બચાવ લીધેલો છે, પરંતુ આ બચાવના સમર્થનમાં અપીલકર્તાએ વિદ્વાન અદાલત સમક્ષ પોતાના બચાવમાં કોઈ પુરાવાનું સોગંદનામું રજુ કરેલું નથી કે સાહેદો તપાસેલા નથી. અપીલકર્તાએ સામાવાળાને આજ દિન સુધી કોઈ ભરણપોષણની રકમ ચુકવેલી નથી. તામીલ અરજીમાં પણ અપીલકર્તા કોઈ રકમ ભરતા નથી. આ કામના અપીલકર્તા/મુળ સામાવાળા હુકમ કરનાર વિદ્વાન અદાલતે ચુકાદો આપવામાં શું ભુલ કરેલી છે ? તે અપીલકર્તા દર્શાવી શકેલ નથી, આ તમામ સંજોગોમાં હાલની અપીલ નામંજુર કરવા હુકમ કરવો જોઈએ.

(૯) વિદ્વાન અદાલત તે ચોથા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ભુજ–કચ્છ સમક્ષની ફોજદારી પરચુરણ અરજી નં.૯૦૯/૨૦૨૩ ના કામનો તા:૨૫/૦૯/૨૦૨૫ ના રોજનો હુકમ વંચાણે લીધો. આ પ્રકરણમાં પક્ષકારોના વિદ્વાન વકીલ શ્રીઓ દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ દલીલો તથા કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાનમાં લેતાં હાલની અપીલના નિર્ણય અને નિકાલ અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

**મુદ્દા નં.(૧)** શું એપેલેન્ટ પુરવાર કરે છે કે, વિદ્વાન ચોથા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ભુજ–કચ્છ નાઓ દ્વારા ફોજદારી પરચુરણ અરજી નં.૯૦૯/૨૦૨૩ ના કામે તા:૨૫/૦૯/૨૦૨૫ ના રોજ કરેલ હુકમ ખોટો, ગેરકાયદેસરનો, કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતો વિરૂદ્ધનો અને ભુલ ભરેલો છે ? અને તે હુકમમાં આ અપીલ અદાલતે હસ્તક્ષેપ કરવાને પાત્ર છે ?

**મુદ્દા નં.(૨)** શું હુકમ ?

(૧૦) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે :–

**મુદ્દા નં.(૧) નકારમાં**

**મુદ્દા નં.(૨) આખરી હુકમ મુજબ**

(૧૧) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબના મારા કારણોની વિસ્તૃત ચર્ચા નીચે મુજબ છે :–

## *–:: નિર્ણય માટેના કારણો ::–*

**મુદ્દા નં.૧ ની ચર્ચા :**

(૧૨) હાલની અપીલનું રેકર્ડ અને વિદ્વાન અદાલતનું ફોજદારી પરચુરણ અરજી નં.૯૦૯/૨૦૨૩ નું રેકર્ડ ધ્યાને લેવામાં આવેલ છે. આ કામે રેકર્ડ તપાસતાં આ કામના સામાવાળા/મુળ અરજીના અરજદાર જમનાબેન

રાજુભાઇ દેવીપુજક નાઓએ પોતાની આંક:૧૨ ની સોગંદ ઉપરની જુબાનીની ઉલટતપાસમાં એવી હકીકતોનો સ્વીકાર કરેલો છે કે, તેણી દ્વારા કૌટુંબિક અદાલતમાં ભરણપોષણ મેળવવા અરજી કરેલી હતી અને તે અરજી કૌટુંબિક અદાલતે નામંજુર કરેલી હતી અને આથી આ કેસ કરેલો છે. કૌટુંબિક અદાલતે જે હુકમ કરેલો તે હુકમ નામદાર હાઇકોર્ટે રદ્ઘ કરેલો નથી, લગ્નના ત્રણ દિવસ બાદ સામાવાળા સાથે માવિત્રે આવેલી ત્યારબાદ તેણી સાસરીમાં ગયેલ નથી. તેણી દ્વારા કૌટુંબિક અદાલતમાં કેસ કરેલ તેની જુબાની બરાબર છે. તેણીને સામાવાળા સાથે લગ્નજીવન નિભાવવાની અને સાથે જવાની હાલમાં તૈયારી નથી.

**(૧૩)** એટલું જ નહીં, આ કામે હાલના સામાવાળા/મુળ અરજદારે ભુજ-કચ્છની કૌટુંબિક અદાલતમાં ફોજદારી પરચુરણ અરજી નં.૨૨૬/૨૦૧૯ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૧૨૫ મુજબની દાખલ કરેલી હતી અને તે અરજી વિદ્વાન કૌટુંબિક અદાલત દ્વારા પુરાવો નોંધ્યા બાદ કારણો આપી ભરણપોષણની અરજી નામંજુર યાને રદ્ઘ કરેલી છે. એટલું જ નહીં, ત્યારબાદ હાલની અરજી કરેલી છે.

**(૧૪)** આ કામના સામાવાળા/મુળ અરજદારે કરેલ અરજીની આંક:૧ ની વિગત ધ્યાનમાં લેતાં '' તેણી દ્વારા ભરણપોષણ મેળવવા ભુજ નામદાર શ્રી પ્રિન્સીપાલ જજ (ફેમીલી) કોર્ટ, ભુજ મધ્યે ફોજદારી પરચુરણ અરજી નં.૨૨૬/૨૦૧૯ વાળી અરજી કરેલ હતી. જે અરજી નામંજુર યાને રદ્ઘ કરવામાં આવેલી છે. જેથી અરજીથી નારાજ થઇ નામદાર શ્રી ગુજરાત હાઇકોર્ટમાં રીવીઝન અરજી કરેલ છે. જે હાલે પેન્ડીંગ છે '' તેવી હકીકત જણાવેલી છે.

**(૧૫)** એટલું જ નહીં, આ જ હકીકત મુળ અરજદાર/આ કામના સામાવાળાએ પોતાના આંક:૧૨ ના સરતપાસના સોગંદનામામાં પણ જણાવેલી છે અને તે જ હકીકત ઉપર જણાવ્યા મુજબ ઉલટતપાસમાં પણ સ્વીકારેલી છે, તેવા સંજોગોમાં આ કામના સામાવાળા/મુળ અરજીના અરજદારે કોઇ હકીકત અદાલતથી છુપાવેલી હોય કે તેના કારણે અદાલતને

ગેરસમજ ઉત્પન્ન થયેલી હોય કે તેના અભાવે આ ચુકાદો જાહેર થયેલો હોય તેવું માનવાને કોઇ કારણ નથી.

-

**(૧૬)** આ કામના અપીલકર્તા/મુળ સામાવાળાના વિદ્વાન વકીલ શ્રી દ્વારા જે વિવિધ દલીલો ઉપસ્થિત કરવામાં આવેલી છે તેમાં કૌટુંબિક અદાલત દ્વારા ફોજદારી પરચુરણ અરજી નં.૨૨૬/૨૦૧૯ ના ચુકાદામાં જે અવલોકન કરેલા છે તે અવલોકન અને તે કામમાં રજુ કરેલ પુરાવાને આંક પડેલ હોવા છતાં ધ્યાને લીધેલા નથી કે ચર્ચા કરેલી નથી તેવી ભારપૂર્વક રજુઆત કરેલી છે, પરંતુ કૌટુંબિક અદાલત દ્વારા જે ચુકાદો જાહેર કરવામાં આવેલો છે તે ચુકાદાને આ કામના સામાવાળા/મુળ અરજદાર દ્વારા નામદાર ગુજરાત હાઇકોર્ટમાં એટલે કે, કૌટુંબિક અદાલતના ચુકાદાને અપીલી અદાલતમાં પડકારવામાં આવેલો છે. આ હુકમને પડકારવામાં આવેલો નથી તેવી કોઇ રજુઆત કે પુરાવો આ કામના અપીલકર્તા/મુળ સામાવાળા દ્વારા રજુ કરવામાં આવેલો નથી તેમ જણાતું નથી, તેવા સંજોગોમાં કોઇ મહત્વની હકીકતો છુપાવેલી હોય અને તેના કારણે હુકમ પસાર થયેલ હોય તેવું માની શકાય તેમ નથી અને આ સંદર્ભે અપીલકર્તા/મુળ સામાવાળાના વિદ્વાન વકીલ શ્રી દ્વારા જે દલીલો ઉપસ્થિત કરવામાં આવેલી છે તે દલીલો ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

**(૧૭)** અપીલકર્તા/મુળ સામાવાળાઓના વિદ્વાન વકીલ શ્રી દ્વારા ***નામદાર ગુજરાત હાઇકોર્ટનો અંકિતસિંઘ અમરેન્દ્રસિંઘ રાજાવત વિરુદ્ધ ગુજરાત રાજયનો ચુકાદો કે જે ૨૦૨૪ (૦) એ.આઇ.જે.ઇ.એલ.–એચ.સી. ૨૪૮૫૯૬*** ઉપર પ્રસિદ્ધ થયેલ ચુકાદો રજુ કરેલો છે. સદર ચુકાદો ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૮૨ અન્વયે પસાર કરવામાં આવેલો ચુકાદો છે. સદર ચુકાદામાની વિગત અને હાથ ઉપરના પ્રકરણની વિગત તદ્દન ભિન્ન સ્વરુપની છે, તેવા સંજોગોમાં અપીલકર્તા/મુળ સામાવાળાના વિદ્વાન વકીલ શ્રીની રજુઆત મુજબ તેઓની દલીલ ગ્રાહ્ય રાખવાપાત્ર ઠરતી ન હોવાનું આ અદાલતનું વિનમ્રપણે માનવું છે.

**(૧૮)** આ તબકકે એ નોંધવું જરુરી છે કે, આ કામના સામાવાળા

અને આ કામના અપીલકર્તાના લગ્ન થયેલા છે. લગ્નજીવન ચાલેલ છે. સામાવાળા અને અપીલકર્તા પોતે ૧૦ દિવસ સુધી ભુજ મુકામે રહેલા છે અને આવી હકીકત સ્પષ્ટપણે આ કામના સામાવાળાએ પુરાવામાં પુરી પાડેલી છે. એટલું જ નહીં, ઘરેલુ હિંસા સામે સ્ત્રીઓનું રક્ષણ અધિનિયમ, ૨૦૦૫ નું અસ્તિત્વ સ્ત્રીઓના રક્ષણ સંબંધે અલગ કાયદા સ્વરુપે છે. કૌટુંબિક અદાલતનું અસ્તિત્વ ચોકકસ બાબત અને જોગવાઇ હેઠળનું અલગ અસ્તિત્વ છે. હુકમ કરનાર વિદ્વાન અદાલત દ્વારા જે હુકમ પસાર કરવામાં આવેલો છે તે અદાલત કૌટુંબિક અદાલતની અપીલી અદાલત નથી કે આ અદાલત પણ કૌટુંબિક અદાલતની અપીલી અદાલત નથી.

(૧૯) એટલું જ નહીં, કૌટુંબિક અદાલત દ્વારા પસાર કરવામાં આવેલો હુકમ આ કામના સામાવાળા/મુળ અરજદાર દ્વારા નામદાર હાઇકોર્ટમાં પડકારવામાં આવેલ છે અને તે પેન્ડીંગ છે ત્યારે કૌટુંબિક અદાલત દ્વારા કરવામાં આવેલ અવલોકન કે તે પ્રકરણમાં રજુ થયેલા પુરાવા સંબંધે ટિપ્પણી કરવી કે નિર્ણય આપવો એ ન તો આ અદાલતની હકુમત છે કે ન તો હુકમ કરનાર વિદ્વાન અદાલતની હકુમતમાં છે તેવું આ અદાલતનું વિનમ્રપણે માનવું છે.

(૨૦) જયાં સુધી હુકમ કરનાર વિદ્વાન અદાલતે હાલની અરજી ઉપર જે હુકમ કરેલ છે તેને સંબંધકર્તા છે તેને ધ્યાનમાં લેતાં હુકમ કરનાર વિદ્વાન અદાલત દ્વારા તેમની સમક્ષના પક્ષકારોને પોતાનો પુરાવો રજુ કરવાની યોગ્ય અને વ્યાજબી તક પુરી પાડવામાં આવેલી છે. પક્ષકારોને પોતાનો બચાવ કરવાની યોગ્ય અને વ્યાજબી તક પુરી પાડવામાં આવેલી છે, આમ ન કરેલ હોવાનું અપીલકર્તા/મુળ અરજીના સામાવાળાનો કોઇ કેસ નથી કે દલીલ નથી. વિદ્વાન અદાલત દ્વારા ઘરેલુ હિંસા સામે સ્ત્રીઓના રક્ષણ બાબતના અધિનિયમની જુદી-જુદી જોગવાઇઓનું પાલન કરવામાં આવેલું છે અને વિદ્વાન અદાલત સમક્ષ ઉપલબ્ધ પુરાવાનું મુલ્યાંકન કરી ચુકાદો પસાર કરવામાં આવેલો છે. ફકત ત્રણ દિવસ લગ્નજીવન ચાલેલું છે તે મહત્વની બાબત નથી, પરંતુ અરજદાર ખરેખર ઘરેલુ હિંસાનો ભોગ બનેલ છે કે કેમ ? તે મહત્વની બાબત છે. હુકમ કરનાર વિદ્વાન અદાલત દ્વારા પસાર કરવામાં

આવેલો ચુકાદો જોતાં સ્પષ્ટ થાય છે કે, વિદ્વાન અદાલત દ્વારા પુરાવાઓનું યોગ્ય અને ન્યાયિક મુલ્યાંકન કરેલ છે અને કાયદાના પ્રબંધોનું યોગ્ય અર્થઘટન કરેલ છે. સદર ચુકાદાના કારણો અને તારણો પુરાવા પર આધારીત છે. સદર ચુકાદામાં વિદ્વાન અદાલત દ્વારા ચુકાદો પસાર કરવામાં કે પુરાવાનું મુલ્યાંકન કરવામાં કે આ કાયદાની કઇ જોગવાઇનું પાલન કરવામાં કઇ ભુલ કરી, કયા પ્રકારની ભુલ કરી ? તે અપીલકર્તા પક્ષ બતાવી શકેલ નથી અને આથી વિદ્વાન અદાલત દ્વારા પસાર કરવામાં આવેલ ચુકાદમાં હસ્તક્ષેપ કરવાને પાત્ર નથી.

**(૨૧)** આમ, ઉપરોકત કરેલ સમગ્ર ચર્ચાને ધ્યાનમાં લેતાં મુળ ફોજદારી પરચુરણ અરજી નં.૯૦૯/૨૦૨૩ ના કામના મુળ સામાવાળા અને હાલના કામના અપીલકર્તા દ્વારા હાલની જે અપીલ દાખલ કરવામાં આવેલી છે તે નામંજુર કરવી ન્યાયોચિત જણાતું હોય ***મુદ્દા નં.૧*** નો જવાબ '' ***નકારમાં*** '' આપવામાં આવે છે અને ***મુદ્દા નં.ર*** સંબંધે નીચે મુજબનો '' ***આખરી હુકમ*** ''કરવામાં આવે છે :–

## <u>*–:: આખરી હુકમ ::–*</u>

**(૧)** હાલની ફોજદારી અપીલ નં.૧૬૧/૨૦૨૫ ના અપીલકર્તા તે મુળ ફોજદારી પરચુરણ અરજી નં.૯૦૯/૨૦૨૩ ના કામના સામાવાળા દ્વારા ભુજ–કચ્છના ચોથા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ નાઓ દ્વારા ફોજદારી પરચુરણ અરજી નં.૯૩૯/૨૦૨૩ ના કામે તા:૨૫/૦૯/૨૦૨૫ ના રોજ આંક:૨૩ લગત કરેલ હુકમથી નારાજ થઇ ઘરેલુ હિંસાથી સ્ત્રીઓને રક્ષણ આપતા અધિનિયમ, ૨૦૦૫ ની કલમ–૨૯ અન્વયે દાખલ કરેલ હાલની અપીલ આથી ***નામંજુર યાને રદ્દ*** કરવામાં આવે છે.

**(૨)** હુકમ કરનાર વિદ્વાન અદાલત તે ચોથા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ભુજ–કચ્છ નાઓ દ્વારા ફોજદારી પરચુરણ અરજી નં.૯૩૯/૨૦૨૩ ના કામે તા:૨૫/૦૯/૨૦૨૫ ના રોજ આ કામના સામાવાળા/મુળ અરજદારની અરજી અંશત:મંજુર કરતો જે હુકમ કરેલો છે તે હુકમ આથી ***કાયમ*** કરવામાં આવે છે.

(૭) આ હુકમની એક નકલ હુકમ કરનાર વિદ્વાન અદાલતને મોકલી આપવી.

હુકમ આજરોજ તા:૦૯ મી, માહે:એપ્રીલ, સને:૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

સહી/-

તા:૦૯/૦૪/૨૦૨૬
ભુજ-કચ્છ

**( મહિડા દિલીપ પી. )**
સેશન્સ જજ, કચ્છ-ભુજ
GJ00551

*BHP*